## જન્મદિને વધામણી



નટુભાઈ ગજ્જર
પ્રમુખ, આસીયા
મંત્રી, ગુજફોર્સ
મો. ૯૮૨૫૪ ૪૪૯૮૭



અનિરૂધ્ધભાઈ બ્રહ્મભટ્ટ
મો. ૯૯૨૪૬ ૬૫૨૯૦



સ્મિત સંજયકુમાર શર્મા
મો. ૯૯૨૫૪ ૮૩૯૯૭



રૂદ્ર કમલેશભાઈ મહેરિયા
મો. ૯૪૨૭૫ ૨૫૯૫૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# જે બી પ્રાથમિક શાળામાં રમતોત્સવ અને બાળ મહોત્સવની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૮

અભ્યાસની સાથે-સાથે બાળકો ખેલદિલી દાખવે અને અન્ય સહઅભ્યાસી પ્રવૃત્તિઓમાંલ રસ દાખવે અને સર્વાંગી વિકાસ થાય તે હેતુસર સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં સંસ્થાના આદ્યસ્થાપક સ્વ. પુરુષોત્તમદાસ આર પટેલ (પૂ. દાસકાકા) સ્મૃતિ શિયાળુ રમતોત્સવ અને બાલમહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શેઠ સી એમ સૅકન્ડરી અને હાયર સૅકન્ડરી સ્કૂલના આચાર્ય બચુભાઈ પટેલ તથા ક્રિએટીવ ઝોનના ઈન્ચાર્જ કિરણબેન પટેલ ઉપસ્થિત રહી કૅમ્પસમાં સ્થાપિત કરેલ પૂ. દાસકાકાની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી દિવ્ય જ્યોત પ્રગટાવી રમતોત્સવને ખુલ્લો મૂક્યો હતો.

૬ અને ૭ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ યોજાયેલા આ મહોત્સવમાં વિદ્યાર્થીઓએ બે દિવસ માટે ભણતરનો ભાર ભૂલી મુક્ત મને પોતાનાં કૌશલ્યો ખીલવ્યાં હતાં. રમતોત્સવની દોડ, જંપદોડ, સ્લો સાઈકલીંગ, ગોળાફેંક, સંગીત ખુરશી, ઝેરી ઢીંગલી, માટલાં ફોડ, બૂક બૅલેન્સ વગેરે સ્પર્ધાઓ તથા યુવક મહોત્સવની રંગોળી, વક્તૃત્ત્વ, ચિત્ર સ્પર્ધા, ગીત, એકપાત્રીય અભિનય, નિબંધ, વાર્તા, સુલેખન વગેરે સ્પર્ધાઓમાં લગભગ ૧૨૦૦ જેટલાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. સાથે-સાથે શાળાનાં શિક્ષકોએ પણ ગોળાફેંક, મટકાંદોડ, સંગીત ખુરશી તથા દોરડાકૂદ જેવી સ્પર્ધામાં ભાગ લીધો હતો. શાળાનાં આચાર્યા નીવાબેન પટેલે વિદ્યાર્થીઓને પોતાનાં કૌશલ્યો ખીલવે અને સફળતા પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા.

# બોરીજની સરકારી શાળા ખાતે મૅડિકલ ચૅક-અપ કેમ્પ યોજાયા



## ગાંધીનગર લાયોનેસ ક્લબ અને ઍમ બી પટેલ અંગ્રેજી માધ્યમ શાળાના ઍનઍસૅસ શિબિર અંતર્ગત ગ્રામજનો માટે મૅડિકલ કૅમ્પ

ગાંધીનગર લાયોનેસ ક્લબ તથા ઍમ બી પટેલ અંગ્રેજી માધ્યમ શાળા દ્વારા બોરીજ સરકારી શાળામાં ઍનઍસઍસ શિબિર અંતર્ગત જુદા-જુદા મૅડિકલ ચૅક-અપ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

કૅલ્શિયમની તપાસ અંગેના શિબિરનું આયોજન તેજસભાઈ શાહ, મયુરસિંહ ઝાલા અને રવિ પટેલના સહયોગથી કરવામાં આવ્યું, જેમાં ૧૫૦ જેટલાં ગ્રામજનોની નિઃશુલ્ક તપાસ કરવામાં આવી તથા જરૂરી દવાઓનું રાહત દરે વિતરણ કરવામાં આવ્યું. ઍનસીડી સૅલ સામુહિક આરોગ્ય કેન્દ્ર, અડાલજ દ્વારા ડાયાબિટીસ તથા બ્લડપ્રેશરની તપાસના વિનામૂલ્યે શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો લાભ ૧૦૦ જેટલાં ગ્રામજનોએ લીધો હતો.

શિબિરમાં ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર વર્ષાબેન પારેખ તથા તેમના વિદ્યાર્થીઓને સહયોગ પ્રાપ્ત થયેલ છે. લાયોનેસ ક્લબનાં પ્રમુખ દેવલબેન જોષી, સૅક્રેટરી મીતલ રાણા, મીનાક્ષીબેન જયસિંઘાણી, રીટાબેન શાહ તથા સ્વાતિબેન ગોર વગેરે સભ્યોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઊઠાવી હતી.

## ડાયરેક્ટ ❤ સે

બધા બહુ હોશિયાર હતા
એક હું જ ડોબો નીકળ્યો
જેમાં ભરી લાગણીઓ
એ ખાલી ખોબો નીકળ્યો

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
બેફિકરે
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
બેફિકરે
૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
૩૦ મિનટ્સ
૧૨.૦૦, ૫.૦૦
ડિયર જિંદગી
૨.૧૫, ૯.૩૦
મિશન મમ્મી
૭.૧૫

**સ્ક્રીન-૫**
બેફિકરે
સવારે ૧૦.૦૦
કહાની-૨
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ડિયર જિંદગી
૬.૪૫

# શહેરની સંસ્થાઓ દ્વારા દહેગામ તાલુકામાં સેવાકાર્ય



## ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર તથા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા મમતા દિવસ નિમિત્તે સગર્ભા બહેનોની આરોગ્ય વિષયક તપાસ કરાવાઈ

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર તથા શ્રી ગજાનન સેવા સમિતિના સંયુક્ત ઉપક્રમે દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના બારીયા સબ સેન્ટરમાં મમતા દિવસ નિમિત્તે કુલ ૧૪ સગર્ભા બહેનોની આરોગ્ય વિષયક તપાસ કરવામાં આવી હતી. શહેરના ગાયનેક તબીબ ડૉ. સુવિણાબેન ચિતણીયા દ્વારા પ્રત્યેકને તપાસી યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. દરેકને ૧ કિગ્રા ગોળ, ૫૦૦ ગ્રામ મગ તથા ટોનિકની બૉટલ આપવામાં આવી હતી. સબ સૅન્ટરનો સ્ટાફ તથા ડૉ. અતુલ પંડ્યા આ સેવાકાર્યમાં જોડાયા હતા.

# ગાંધીનગર સાહિત્ય સભાની આ માસની બેઠક સોમવારે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર સાહિત્ય સભાની દર માસના બીજા રવિવારે મળતી સભા આ માસમાં અનિવાર્ય કારણોસર રવિવારને બદલે સોમવારના રોજ ગોઠવવામાં આવી છે.

સભાના મંત્રી મુળજીભાઈ પરમારે આ અંગેની એક અખબારી યાદીમાં સ્પષ્ટતા કરી છે કે આ માસની સભા તારીખ ૧૨-૧૨-૨૦૧૬ ને સોમવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે નમન એપાર્ટમેન્ટ, સૅક્ટર-૨૧, ગાંધીનગર ખાતે મળે.

આ સભામાં 'સર્જકની કેફિયત' કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર સાહિત્ય સભાના પૂર્વ મંત્રી અને વર્તમાન કારોબારી સભ્ય, વાર્તાકાર કલ્પના જિતેન્દ્ર પોતાની સ્વરચિત વાર્તાઓના પઠનસહ પોતાની સાહિત્યિક કેફિયત રજૂ કરશે.

આ સાહિત્યિક મહેફિલનો લાભ લેવા નગરના મહાનુભાવો, સાહિત્યહરસિકો, ભાવકો અને સંસ્થાના સભ્યોને મુળજીભાઈ પરમારે સંસ્થા વતી હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે.

# દિવ્યાંગ સેવા માટે અમદાવાદના સમાજસેવી પ્રિતેશભાઈ શાહને રાષ્ટ્રપતિના હસ્તે ઍવૉર્ડ



દિવ્યાંગ સેવાના પુનિત કાર્ય માટે ભારતના રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના વરદ હસ્તે અમદાવાદના પ્રિતેશભાઈ અશોકકુમાર શાહને રાષ્ટ્રીય ઍવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

# કૅશલેસ ઈકોનૉમી માટે ડિજીટલ લિટરસી, સેફ્ટી : પડકાર



જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

નવા ભારતના નિર્માણ અને ભ્રષ્ટાચાર મુક્ત ભારતના આદર્શ સાથે આપણા પ્રધાનમંત્રીજીએ અચાનક નોટબંધીની જાહેરાત કરી સમગ્ર રાષ્ટ્રને વિસ્મયમાં મૂક્યો તેમ છતાં આ નિર્ણયના પાયામાં જનહિત વધુ જણાતાં પ્રજાએ આ નિર્ણયને આનંદથી સ્વીકારી લીધો અને નાણાં ઉપાડવામાં, કતારમાં ઊભા રહેવામાં પડતી અસુવિધાઓને કકળતા જીવે વધાવી લઈ યોગ્ય સહકાર દર્શાવ્યો છે. અને નોટબંધી જ માત્ર પૂરતું કાર્ય છે કે નહીં હવે સરકારે શું શું કરવું સમયસર ગણાય તેની મીડિયામાં સતત ચર્ચા ચાલી રહી છે. ભારતની આબાદી ખૂબ છે. જરૂરિયાતો કપરા સમયને વટાવી લેવાવાળો વર્ગ ભારતમાં મોટો છે અને એ વિચારધારા કાળા નાણાંને ઊભું કરવામાં પણ ચાલતી રહી છે. ઉચ્ચ આદર્શોવાળા કાર્યક્રમમાં પણ છિંડા શોધીને તેનો ગેરલાભ ઊઠાવનારા દરેક જગ્યાએ છે. નોટબંધી એ ઘણા ઉપાયો પૈકીનો એક છે. આ ઉપરાંત બીજા પ્રહારો સમયસર કરવા જ પડે તો અર્થતંત્રમાં નકારાત્મક વિકાસ દરને રોકી શકાય. બિનહિસાબી નાણું, બંધિયાર નાણું એ કાળુ નાણું છે જે સતત જન્મ લેતું રહે છે ! નાણાંનું મૂળ કામ વ્યવહારોને સરળ કરવાનું હતું છતાં એ નોકરની જગ્યાએ માલિક અને ઈશ્વર કરતાં મોટું થઈ ગયું ને ત્યાં જ સમસ્યા ઊભી થઈ છે. 'મની ઈઝ એ મેટર ઑફ ફંક્શન ફૉર એ મીડિયમ, એ મેજર, એ સ્ટાન્ડર્ડ ઍન્ડ એ સ્ટોર'.



આ પ્રકારની નાણાંની વ્યાખ્યા અર્થશાસ્ત્રની વ્યાખ્યા અર્થશાસ્ત્રમાં કરવામાં આવી છે. બ્લૅક મની એટલે આર્થિક વ્યવહારોમાંથી નીકળી જતું વણનોંધાયેલું નાણું છે બંધિયાર છે અને તેનાથી વિકાસની પ્રક્રિયા થઈ શકતી નથી ! લોકોને કમાવું છે, નાણું જોઈએ અને તે નાણાંના જ રૂપમાં. આ વિચારને સમર્થન માટે નીચેના આંકડા ઉપલબ્ધ છે. જ્યાં કૅશ વધુ સ્વીકૃત છે તે દેશ અને ટકાવારી જુઓ. જેમ કે લંડનમાં ૪૮%, અમેરીકા ૫૫%, જાપાન ૮૬%, ભારત ૯૮%, મેક્સિકો ૯૬%, બ્રાઝીલ ૮૫%, ઓસ્ટ્રેલિયા ૬૫% અને ઈન્ડોનેશિયા ૧૦૦%.

આનો અર્થ લોકોને કૅશથી જ વ્યવહારો કરવાની પસંદગી અને આદત છે. દર હજારની વસતીએ જે ઍટીઍમની સંખ્યા છે તેમાં ભારત બહુ જ નીચે છે. આ આંકડા જુઓ.

કૅનેડા-૨૨૨ (ઍટીઍમ દર હજારે), રશિયા-૨૨૫, પોર્ટુગલ-૧૭૮, યુકે-૧૩૦, ઑસ્ટ્રેલિયા-૧૬૧, બ્રાઝીલ-૧૨૯, સાઉથ આફ્રિકા-૬૬, સીન-૫૫ અને ભારત-૧૮. ડિજીટલ પેમેન્ટ કરવાની પ્રણાલિમાં ભારત હજી કહી શકાય કે પા-પા પગલી ભરતાં બાળક જેવું છે. તેનાં પુષ્કળ કારણો પણ છે. મોબાઈલ્સ વધી રહ્યા છે પણ નેટવર્કવાળા ઈન્ટરનેટની સુવિધાવાળા સ્માર્ટ ફોનની સંખ્યા ઓછી છે. ઈન્ટરનેટ ડાઉનલોડની ઝડપ પણ ઘણી ઓછી છે. વિવિધ ઍપ્સને ડાઉનલોડ કરી તેને ચલાવવાની લાયકાત ધરાવનારાઓની સંખ્યા ખૂબ જ ઓછી છે. (અંદાજે શહેરી વિસ્તારમાં ૩૦ ટકા અને ગ્રામ્ય વિસ્તારમાં ૮ ટકા છે) સ્માર્ટ ફોન ધરાવતા ૧૦૦માંથી માંડ ૧૨ વ્યક્તિ જ મોબાઈલ બેન્કિંગ અને પેમેન્ટ વિશેની જાણકારી ધરાવતા હોવા છતાં માત્ર ૫ ટકા લોકો જ તેનો ઉપયોગ કરતાં જોવા મળે છે. આ મોબાઈલને વોલેટ બનાવવાની ઝૂંબેશ હવે જે કરવામાં આવી રહી છે ત્યારે નક્કર હકીકતોને ધ્યાનમાં લેવી જ પડશે.

ટૂંકમાં કહીએ તો કૅશ રાખવાની માનસિકતામાંથી ડિજીટલ વ્યવહારોમાં રૂપાંતરિત થવામાં ઘણો સમય લાગશે. નાની-નાની બાબતો સામાન્ય નાગરિકોને મોબાઈલ ઉપર થતા વ્યવહારો ઉપર શંકા ઉપજાવે છે. અરે આટલાં વર્ષો બાદ એટીઍમ કાર્ડના ઉપયોગમાં પુષ્કળ દ્વિધા લોકો અનુભવી રહ્યા છે જે કામ સાવ સરળ હોવા છતાં સ્વતંત્ર રીતે કરી શકતા નથી. મોબાઈલ્સથી વાતચીત અને વૉટ્સઍપ જ વધુ પ્રમાણમાં થાય છે. પરંતુ ડિજીટલ લિટરસીની ઉણપ હોવાથી નાણાંકીય વ્યવહારો કરવામાં પ્રજા ડરી રહી છે. તેને શંકા થાય છે કે મારા ખાતામાંથી પૈસા કોઈ ઉપાડી જશે તો મારું શું થશે ! વિશ્વાસની કમી છે તેનું કારણ ઍપ્સનાં ઑપરેશન વિશે તેને કોઈ ગતાગમ પડતી નથી. ઈ-કૉર્નર ઉપર પણ લોકો જાતે જ બધાં મશીન ઉપર કામ કરતાં નથી ત્યાં કોઈ સ્ટાફ ગાઈડ કરે તો જ કામ કરે છે. પ્રામાણિકતાની કમી, ટૅકનોલૉજીના જ્ઞાનનો અભાવ, વર્ષો જૂની માનસિકતા, લોકોની નાણાં સંબંધી વિચારધારા... આ બધાથી ડિજીટલ ઈન્ડિયા ઝડપથી દોડતું થશે નહીં. યુવા વર્ગ આ બધું ઝડપથી કરી શકે છે પણ એ કડવી વાસ્તવિકતા છે કે ઈન્ટરનેટના ઉત્તમ ઉપયોગ થતા નથી ! મૂવી જોવા, પોર્ન ક્લિપીંગ જોવા, મ્યુઝિક સાંભળવા વગેરેમાં મોટાભાગની વસતી વ્યસ્ત જોવા મળે છે. એટલે જ મોબાઈલ્સ વધી રહ્યા છે. સારી વસ્તુના ગેરઉપયોગ કેમ થાય તે શોધી કાઢવામાં લોકોની ઋચિ છે. બીજા શબ્દોમાં કહીએ તો આપણે અંદરથી શુદ્ધ અને શિસ્ત ધરાવતા નથી. બૅન્કો સાથેના વ્યવહારોમાં લોકો તાલમેલ ધરાવવામાં હજી નિષ્ફળ જાય છે. બીજું, મૅસેજના ચાર્જીસ લાગે છે. નાણાંની સેફ્ટી માટેના ઉપાયો કયા હોઈ શકે તેની જાણકારીનો અભાવ છે. કૅશલેસ ઈકોનૉમી ઉમદા આદર્શ છે અને ભ્રષ્ટાચાર રોકવામાં એ મહત્ત્વની બાબત છે. પરંતુ સરકારે આ માટે બહુ જ સઘન પ્રયાસો કરવા પડે તેમ છે. લાંચ-રૂશ્વત-હપ્તાખોરીને પ્રથમ બંધ કરાવો, એ વધુ સરળ છે. પછી બેનામી સંપત્તિ ઉપર ઍટેક કરો અને ગોલ્ડ ઉપરનાં નિયમનો અમલમાં મૂકો તો કદાચ ઉમદા સ્થિતિ લાવી શકાશે. રઘવાયા થઈને રોજ નિયમો બહાર પાડવાનું અટકાવવું હવે જરૂરી છે.

'બહુત અંદર તક
તબાહી મચા દેતા હે
વો અશ્ક જો
આંખો સે બહ નહીં પાતા'

### શ્રીમતી આર એન પ્રાથમિક શાળામાં

# વિદ્યાર્થીઓના વિકાસ માટે વાલી-શિક્ષકોનું સહચિંતન

ગાંધીનગર, તા. ૮

શ્રીમતી આર એન પ્રાથમિક શાળામાં પ્રથમ સેમેસ્ટરમાં ૩૫ ટકાથી ઓછા ગુણ મેળવનાર તથા અભ્યાસમાં નબળા હોય તેવા વિદ્યાર્થીઓના વાલીઓની મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્ગશિક્ષક દ્વારા વિદ્યાર્થીઓના નબળા અભ્યાસ માટેનાં કારણો જેવાં કે આર્થિક, સામાજિક, ઘરની આસપાસનું વાતાવરણ, મિત્રોની સોબત વગેરેની તપાસ કરવામાં આવી હતી અને ત્યારબાદ વાલીઓને બોલાવી આ કારણોનાં નિવારણની ચર્ચા કરવામાં આવી હતી. વિદ્યાર્થીના શૈક્ષણિક વિકાસમાં વાલી અને શિક્ષકના સહિયારા પ્રયાસની જરૂર છે તે પ્રત્યે વાલીએ પણ સજાગ રહેવાની જરૂરિયાત સમજાવી તથા બાળકના અભ્યાસ માટે શિક્ષકોને દત્તક વિદ્યાર્થીની જવાબદારી પણ સોંપવામાં આવી હતી.

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

### 'મારું મધુરું બાળપણ'